## જન્મદિને વધામણી



દક્ષા જાદવ
મો. ૯૮૭૯૦ ૫૭૯૭૮



ભરતકુમાર છગનલાલ શાહ
મો. ૯૮૨૪૬ ૧૯૪૫૧



હંસાબેન ડી પરમાર
મો. ૯૪૨૬૫ ૮૨૬૪૭



ભગુભાઈ એમ શ્રીમાળી
મો. ૯૯૦૪૭ ૫૯૨૪૫



ચંપાબેન બી શ્રીમાળી
મો. ૯૯૦૯૩ ૫૭૫૦૬

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન - ૨**
પેડમૅન
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
પેડમૅન
૧૧.૦૦, ૨.૦૦
૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
પેડમૅન
સવારે ૧૦.૦૦
ટાઈગર ઝીંદા હૈ
૧.૦૦
ચાલ મન જીતવા જઈએ (ગુજરાતી)
૪.૦૦, ૭.૧૫
લવની ભવાઈ (ગુજરાતી)
૯.૩૦

### શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે

# ‘કુટુંબ નિયોજનું મહત્ત્વ અને જાણકારી’ વિષયે વ્યાખ્યાન



**વ્યાખ્યાન અંતર્ગત ગાયનેકોલૉજીસ્ટ દ્વારા વિદ્યાર્થિનીઓને કુટુંબ નિયોજનની પધ્ધતિ, માસિક ચક્ર, પ્રજનનશીલતા, મૅનોપોઝ અંગે વિગતે જાણકારી આપવામાં આવી**

ગાંધીનગર, તા. ૧૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે ‘કુટુંબ નિયોજનું મહત્ત્વ અને જાણકારી’ વિષયે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમાજશાસ્ત્ર વિભાગની સૅમેસ્ટર-૨ની વિદ્યાર્થીનીઓ માટે તેમના અભ્યાસના વિષયના ભાગરૂપે આ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાયનેકોલોજીસ્ટ ડૉ. શિલ્પાબેન ચૌધરી દ્વારા આ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. વ્યાખ્યાન અંતર્ગત કુટુંબ નિયોજનની પધ્ધતિ, માસિક ચક્ર, પ્રજનનશીલતા, મૅનોપોઝ અંગે વિગતે જાણકારી આપવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજનાં આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર વિષયનાં અધ્યક્ષ ડૉ. સોનલ વી મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાન કાર્યક્રમ માટે અધ્યાપકોનો સાથ-સહકાર મળ્યો હતો.

# જીઆઈપીએસનાં ભૂલકાઓ દ્વારા વેજીટેબલ ડેની રોમાંચક ઉજવણી



બુધવારના રોજ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના પ્રી-પ્રાયમરી વિભાગમાં વેજિટેબલ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નાના ભૂલકાઓએ વેજિટેબલ – ગીત, સ્પેલિંગ અને કાવ્યની રજૂઆત કરી હતી. તેમજ વેજિટેબલ ખાવાથી આપણને કયા કયા ફાયદાઓ થયા છે તેની સમજણ પણ આપવામાં આવી હતી. ઉપરાંત વેજિટેબલ ડે અંતર્ગત એક સુંદર નાટક ભજવવામાં આવ્યું હતું. જેમકે વેજિટેબલ ખાવાથી આપણને બિમારીઓ થતી નથી. આપણાં શરીરને જરૂરી વિટામિન મળી રહે છે અને શરીર પણ તંદુરસ્ત રહે છે. પ્રી-પ્રાયમરી શિક્ષકગણ અને ભૂલકાંઓએ ‘શાકભાજી ખાવ તંદુરસ્ત રહો’ તેવો સંદેશ રજૂ કર્યો હતો. નાનાભૂલકાંઓએ જ્ઞાન સાથે ગમ્મત દ્વારા વેજિટેબલ ડેની ઉજવણી કરી હતી.

### સુદર્શન ફાઉન્ડેશન સંચાલિત સરગમ કલ્ચરલ ગૃપના ઉપક્રમે

# આંબેડકર હૉલમાં ‘ન.મો.ની લીલા’ નાટક યોજાયું

ગાંધીનગર, તા. ૧૧

સુદર્શન ફાઉન્ડેશન, ગાંધીનગર સંચાલિત સરગમ કલ્ચરલ ગૃપના ઉપક્રમે સંસ્થાના સભ્યો માટે શુક્રવારે ગાંધીનગરમાં ‘ન.મો.ની લીલા’ નામે મનોરંજક નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે સરગમ કલ્ચરલ ગૃપ એ માત્ર નગરના ઠાકોર પરિવારોનું બનેલું ગૃપ છે અને તેમાં ૪૦૦ ઉપરાંત સભ્યો છે. આ કલ્ચરલ ગૃપ પોતાની બીજા વર્ષની યાત્રાનો આરંભ કરી ચૂક્યું છે. બીજા વર્ષની યાત્રાના પ્રથમ ચરણરૂપે સંસ્થા દ્વારા આ નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડૉ. આંબેડકર ભવન, સૅક્ટર-૧૨ ખાતે આયોજિત આ સામાજિક કૉમેડી નાટક ધ ગ્રેટ એન્ટરટેઈનર્સ કલબ (જી ઈ કલબ) દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતું, જેનું લેખન અને દિગ્દર્શન કુંતલ નિમાવત દ્વારા કરવામાં



આવ્યું હતું. આ મનોરંજક નાટકમાં હાર્દિકા શુક્લ, કરિશ્મા પાટડીયા, મૌન સાધુ, ફાલ્ગુન નંદા, દિવ્યકાન્ત વર્મા અને કુંતલ નિમાવત દ્વારા અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં.

સૅટીંગ્સ અને લાઈટ્સ પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનમેન્ટ્સ તરફથી આપવામાં આવી હતી. લાઈટ સંચાલન મયુરિ ભાટીયા દ્વારા અને સંગીત સંચાલન પર્વ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું.

મંચસજ્જા અને નેપથ્ય માટે મયંક ભટ્ટ, પ્રતીક હિરપરા, નીરજ પટેલ, નિકેશ રોહિત અને સંકેત પટેલ દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી.

સરગમ કલ્ચરલ ગૃપના રમેશચંદ્ર ઠાકોર, મહેન્દ્રસિંહ ઠાકોર અને મુકેશસિંહ ઠાકોર સહિત સભ્ય પરિવારોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આ નાટકને માણ્યું અને વખાણ્યું હતું. હસતાં-હસતાં જિંદગીની વાતો કહી જતું અને અગત્યનો સંદેશ પણ આપી જતું નાટક પ્રેક્ષકોને ખૂબ પસંદ પડ્યું હતું. નાટકના અંતે સંસ્થાના અગ્રણીઓ દ્વારા સૌ કલાકારોનું પુષ્પ આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

# રિપબ્લિક ડે પરેડના સભ્યોને સન્માનવા રાજભવનમાં ખાસ સમારોહ યોજાયો



દિલ્હી ખાતે આયોજિત પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લઈ ચૂકેલા ગુજરાતના પ્રતિનિધિઓને રાજ્યપાલ ઓ પી કોહલીના હસ્તે સન્માનવા માટે એક ખાસ સમારોહનું આયોજન રાજભવન ખાતે કરવામાં આવ્યું હતું. પ્રતિનિધિઓના સન્માન ઉપરાંત રાજ્યપાલના હસ્તે ઍનસીસી ગુજરાત કૅડેટના જર્નલ ‘ધ કૅડેટ ગુજરાત - ૨૦૧૭’નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. આ જર્નલમાં ગુજરાત ઍનસીસીની યશગાથાઓ સમાવવામાં આવી છે.

# જીઈબી સરકારી પ્રાથમિક શાળા ખાતે કૃમિનાશક દિવસની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૧૧

સરકારી પ્રાથમિક શાળા નં. ૧, જીઈબી કૉલોની ખાતે રાષ્ટ્રીય કૃમિનાશ દિવસ તેમજ વિટામીન બાયોએન્યુઅલ રાઉન્ડની ઉજવણી રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમના ડૉ. બ્રિજેશભાઈ પટેલ અને સ્ટાફ નર્સ હિતેક્ષાબેન રાવલના નેજા હેઠળ કરવામાં આવી હતી.

ધોરણ-૧થી ૮ના વિદ્યાર્થીઓને કૃમિ શરીરને કેવી રીતે નુકસાન કરે છે અને તેના દ્વારા કયા ગેરફાયદા થાય છે તેની સમજ આપવામાં આવી હતી. વિટામીનની ઉણપથી શરીરને થતા નુકસાનની વિગતો અને વિટામીનની મહત્તા તથા તેના ફાયદા અંગેની સમજ પણ આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓને અતિ ઉપયોગી માહિતી બદલ શાળા પરિવાર વતી આચાર્ય દિપ્તીબેન વસાવડાએ ડૉક્ટર અને નર્સ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

### આઈઍનઆઈઍફડી ખાતે

# બે દિવસીય ‘આર્ટ બિટ લાઈવ પરફોર્મિંગ ઍક્ઝિબિશન’નો પ્રારંભ




ઈન્ફોસિટી, ગાંધીનગર સ્થિત ફૅશન ડિઝાઈન ઈન્સ્ટીટ્યુટ આઈઍનઆઈઍફડી ખાતે બે દિવસ માટે આર્ટ બિટ લાઈવ પરફોર્મિંગ ઍક્ઝિબિશન આયોજિત કરવામાં આવ્યું છે.

આ ઍક્ઝિબિશનમાં ઈન્સ્ટીટ્યુટના ફૅશન ડિઝાઈન અને ઈન્ટીરિયર ડિઝાઈનના ૧૨૦થી વધારે વિદ્યાર્થીઓ હેન્ડીક્રાફ્ટની વસ્તુઓ જેવી કે ઈઅરિંગ્સ, બેન્ગલ્સ, નૅકપિસ, ટોટ બેગ્સ, કુશન્સ, ડિઝાઈનર ટી-શર્ટ, બ્રેસલેટ જેવી જ્વેલરી તથા ઈન્ટીરીયર ડિઝાઈનના ૫૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા વૉલ હૅંગીંગ્સ, ડીઝાઈનર શૂઝ વગેરે હેન્ડમેડ વસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવી છે. આ ઍક્ઝિબિશન માટે ફક્ત પંદર જ દિવસમાં આશરે ૧૨૦૦થી પણ વધારે હેન્ડીક્રાફ્ટ વસ્તુઓની સેલ્ફ ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. વિદ્યાર્થીઓએ પોતાની મહેનત, ઉત્સાહ અને સેલ્ફ ક્રિએટીવિટીથી ઉચ્ચ કક્ષાની ડિઝાઈનર વસ્તુઓ બનાવી પ્રદર્શિત કરી છે. આ ઍક્ઝિબિશનનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને તેમનાં ફિલ્ડમાં સૅલ્ફ ક્રિએટીવિટી માટે પ્રોત્સાહિત કરવાનો અને ફૅશન ડિઝાઈન તથા ઈન્ટિરીયર ડિઝાઈન ક્ષેત્રે તેમનું ભાવિ ઉજ્જવળ બને તે છે.

# ગાંધીનગર બીઍસઍફ પરિસર ખાતે ‘ટગ ઑફ વૉર’



બીઍસઍફ ફ્રન્ટીયર હેડક્વાર્ટર, ગાંધીનગર દ્વારા ઈન્ટર સૅક્ટર (ફ્રન્ટીયર લેવલ) ટગ ઑફ વૉરનું આયોજન ગાંધીનગર બીઍસઍફ કૅમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું. ગાંધીનગર, ભૂજ અને ઍસઍચક્યુ બાડમેરની ટીમ આ ઈવેન્ટમાં સામેલ થઈ હતી. બાડમેર અને ભૂજની ટીમ ફાઈનલ સ્પર્ધા માટે પસંદગી પામી હતી. ફાઈનલ સ્પર્ધા ભૂજની ટીમે ૨-૦થી જીતી લીધી હતી. ૮૫ ઈન્ફ. બ્રિગેડ, ગાંધીનગરના બ્રિજ મન પ્રકાશ આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જેમના હસ્તે વિજેતાઓને ટ્રોફી અને મૅડલ એનાયત કરવામાં આવ્યાં હતાં. ઈનામ વિતરણ સમારોહમાં બીઍસઍફ ફ્રન્ટીયર, ગુજરાતના આઈજી એ કે તોમર, સબોર્ડિનેટ ઓફિસર્સ અને ફોર્સના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. એ કે તોમરે સ્પર્ધામાં ભાગ લઈને ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરનાર અને વિજેતાપદ હાંસલ કરનાર સ્પર્ધકોને સમગ્ર બીઍસઍફ વતી બિરદાવી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.